સરકારી વાણિજ્ય કોલેજ,

સેક્ટર-૧૫, ગાંધીનગર

સાંસ્કૃતિક પ્રવૃત્તિ અહેવાલ,વર્ષ 2018-2019

અત્રેની કોલેજમાં વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસના હેતુસર અભ્યાસની સાથે સાથે વિવિધ ઇત્તર પ્રવૃત્તિઓનું આયોજન અત્રેની સંસ્થામાં અવાર-નવાર કરવામાં આવે છે.જેવી કે ગીત -સંગીત ,મહેંદી ,રંગોળી ,કાર્ટુનીંગ , ચિત્ર ,વકૃત્વ ,નિબંધ , ડાન્સ (ઓડિશન),ડિબેટ ,કોલાઝ ,ક્લે મોડલિંગ ,પોસ્ટર મેકિંગ। જેવી વિવિધ સ્પર્ધાઓની આયોજન કરવામાં આવ્યું હતું જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો

ઉપરોક્ત તમામ સ્પર્ધાઓનું આયોજન તા 19/07/2018 થી 08/08/2018 સુધીમાં કરવામાં આવ્યું હતું

તા. 19/07/2018 ના રોજ આયોજીત નિબંધ સ્પર્ધામા કોલેજ ના 28 વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો જેમાંથી કોમલ કુમારી પ્રથમ ક્રમે, હરેશ રાવલ બીજા ક્રમે અને આયુષી પનવાર તથા સરવૈયા મનદીપ ત્રીજા ક્રમે વિજેતા રહ્યા હતા.

તા. 20/07/2018ના રોજ આયોજીત કોલેજમા મહેંદી સ્પર્ધાનુ આયોજન કરેલ. જેમા કોલેજ ના વિધાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાંથી પ્રજાપતિ હેતલ પ્રથમ ક્રમે , દવે મહિમા બીજા ક્રમે તથા પટેલ હિરલ અને રાવલ જીત ત્રીજા ક્રમે વિજેતા રહ્યા હતા.

તા. 26/07/2018 ના રોજ કોલેજમાં ગીત –સંગીત ની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કોલેજના વિધ્યાર્થીઓએ ઉત્સાહપુર્વક ભાગ લીધો હતો. પ્રથમ ક્રમે ઠાકોર કરણજી અને અર્જુન ગઢવી, દ્વિતીય ક્રમે *સીરેશીયા કૌશલ્યા* તથા તૃતીય ક્રમે શ્રીમાળી હાર્દિક અને આનંદ નિર્મલને વિજેતા જાહેર કર્યા હતા.

તા. 26/07/2018ના રોજ કોલેજમાં યોજેલ વકૃત્વ સ્પર્ધામાં પ્રથમ ક્રમે ચૌહાણ નિકુંજ, દ્વિતીય ક્રમે ઓઝા જયા તથા તૃતીય ક્રમે કોમળ કુમારી અને ઠક્કર દીપ વિજેતા રહ્યા હતા.

તા. 02/08/2018ના રોજ કોલેજમાં પેઇન્ટીંગ સ્પર્ધાનું આયોજન કર્યું હતું.જેમાં પ્રથમ ક્રમે ગોસ્વામી રિતિક, દ્વિતીય ક્રમે દવે ભાર્ગવી તથા તૃતીય ક્રમે આયુષી પાનવાર અને પ્રજાપતિ નિખિલ વિજેતા રહ્યા હતા.

તા. 02/08/2018 ના રોજ કોલેજમાં પોસ્ટર મેકીંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ. આ સ્પર્ધામાં આયુષી પનવાર, દવે ભાર્ગવી તથા પ્રજાપતિ નિખિલ ને અનુક્રમે પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે વિજેતા જાહેર કર્યા હતા.

તા. 03/08/2018 ના રોજ કોલેજમાં યોજેલ ડીબેટ સ્પર્ધામાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપુર્વક ભાગ લીધો હતો. જેમાં કોમળ કુમારી અને નિમ્મિ કુમારી ની ટીમ વિજેતા રહી હતી.

તા. 04/08/2018 ના રોજ કોલેજમાં રંગોળી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં સ્પર્ધકોએ નિયમાનુસાર ૨ X ૨ ચોરસમાં ચિરોડી, ફુલ, રંગીન ચોખા, અનાજ, કલર વગેરે વાપરીને કલા કૌશલ્યનું પ્રદર્શન કર્યું હતું. આ સ્પર્ધામાં પ્રથમ ક્રમે યાદવ દીપશિકા, દ્વિતીય ક્રમે પ્રજાપતિ શિવાની તથા તૃતીય ક્રમે પટેલ હિરલ વિજેતા જાહેર કર્યા હતા

તા. 06/08/2018 ના રોજ કોલેજમાં કાર્ટુનીંગ સ્પર્ધાનું આયોજન કરેલ. જેમાં વિધાર્થીઓએ પોતાની આગવી સુઝ દ્વારા આપેલ વિષયને સુસંગત કાર્ટુન દોર્યા હતા. જેમાં પ્રથમ ક્રમે પટેલ નિખીલ , બીજા ક્રમે પટેલ દેવિયાની તથા ત્રીજા ક્રમે અંજલિ પરમાર વિજેતા રહ્યા હતા.

તા. 07/08/2018 ના રોજ કોલેજમાં ડાંસ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ. જેમાં મિત્તલબા ઝાલા અને ગ્રુપ , દ્વે કૃપા તથા પાધેલા અજય ને અનુક્રમે પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે વિજેતા જાહેર કર્યા હતા.

તા-15 ઓગસ્ટ.
કાર્યક્રમ પ્રારંભ 7/8/18

તા. 08/08/2018 ના રોજ કોલેજમાં ક્લે મોડેલીંગ સ્પર્ધાનું આયોજન કરેલ. જેમાં વિધાર્થીઓએ પોતાની આગવી સુઝ દ્વારા આપેલ વિષયને સુસંગત ક્લે મોડેલ તૈયાર કર્યા હતા. જેમાં પ્રથમ ક્રમે, નિમ્મિ કુમારી બીજા ક્રમે સૌમ્યા મિશ્રા તથા ધરમસિંહ ચાવડા તૃતીય ક્રમે વિજેતા રહ્યા હતા

તા. 08/08/2018 ના ના રોજ કોલેજમાં કોલાઝ સ્પર્ધાનું આયોજન કરવામા આવ્યુ હતુ. આ સ્પર્ધા માં દ્વે ભાર્ગવી વિજેતા રહ્યા હતા.

15મી ઓગસ્ટ 2018 ના રોજ ધ્વજવંદન બાદ કોલેજમાં સાંસ્કુતિક કાર્યક્રમો નું આયોજન કર્યું હતું જેમાં વકૃત્વ ,સોલો ડાન્સ ,ગ્રુપ ડાન્સ તેમજ સિંગિંગ જેવા કાર્યકમો નો સમાવેશ કર્યો હતો જેમાં કુલ 24 વિધાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઇ દેશ પ્રત્યે ની પ્રેમભાવના વ્યક્ત કરી .

તા 5મી સપ્ટેમ્બર 2018 ના રોજ શિક્ષક દિનની ઉજવણી ના ભાગ રૂપે કુલ 22 વિદ્યાર્થીઓએ કોલેજ માં સમગ્ર વર્ગોમાં ત્રણ તાસ સુધી શેક્ષણિક કાર્ય કર્યું ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન રૂપે બોલપેન આપવામાં આવી હતી.

તા 28/08/2018 ના રોજ સી યુ શાહ આર્ટસ કોલેજ અમદાવાદ દ્વારા આયોજિત ઈકો ફ્રેન્ડલી ગણપતિની મૂર્તિ બનાવવાના એક દિવસીય ઇન્ટર કોલેજ વર્કશોપ માં કોલજનાં ત્રણ વિધાર્થીઓએ ભાગ લીધો

તા 05/09/2018 ના રોજ એલ આઈ સી દ્વારા આયોજિત નિબંધ સ્પર્ધામાં 103 તેમજ વકૃત્વ સ્પર્ધામાં કુલ 08 વિધાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો જેમાં નિબંધ સ્પર્ધા માં વિજેતા પ્રથમ ક્રમે રચના અસવાલ , દ્વિતીય ક્રમે ચાવડા શ્રધ્ધા અને તૃતીય ક્રમે પ્રજાપતિ રુકમાં રહ્યા હતા તેમજ હિરલ જાદવ ને પ્રોત્સાહન ઇનામ આપવામાં આવ્યું હતું વકૃત્વ સ્પર્ધામાં પ્રથમ ક્રમે નિમ્મિ કુમારી , દ્વિતીય ક્રમે ચૌહાણ નિકુંજ તેમજ તૃતીય ક્રમે હિમાની મોદી રહ્યા હતા અને પ્રોત્સાહન ઇનામ જયા ઓઝા ને મળ્યું

ભાગ લેનાર તમામ વિધાર્થીઓને એલ આઈ સી તરફથી અંગ્રેજી પોકેટ ડિક્સનરી સ્મૃતિ ભેટ રૂપે આપવામાં આવી હતી

તા 02/10/2018 ના રોજ મહાત્મા ગાંધીની જન્મ જયંતિની ઉજવણીના ભાગ રૂપે કોલેજ માં સવારે પ્રભાત ફેરી, સર્વધર્મ પ્રાર્થના તેમજ ગાંધીજીના પ્રિય ભજનોનું ગાન વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું હતું ત્યારબાદ ગાંધીજીના જીવન આધારિત ઓનલાઇન ક્વિઝ માં કોલેજના કુલ 20 વિદ્યાર્થીઓએ ભાગ લીધો

સરદાર વલ્લભભાઇ પટેલ ની જન્મ જ્યંતી ની ઉજવણી નિમિતે કોલેજ માં વકૃત્વ , ડિબેટ , નિબંધ તેમજ ચિત્ર જેવી પ્રવુતિઓનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાંથી "એકતા યાત્રા " રાષ્ટ્રીય એકતા અને સામુદાયિક સંવાદિતા અંતર્ગત જિલ્લા કક્ષા ની સ્પર્ધાઓમાં અત્રે ની કોલેજ માંથી નિબંધ સ્પર્ધામાં ત્રણ ડિબેટ સ્પર્ધામાં બે અને પ્રશ્નોત્તરી સ્પર્ધામાં ત્રણ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો જેમાં કોમળ કુમારી , નિમ્મિ કુમારી , હરેશ રાવલ વિદ્યાર્થીઓ વિજેતા થયા હતા

નેશનલ એકાઉન્ટિંગ ટેલન્ટ સર્ચ 2018-19 માં કોલેજના સેમ-6 ના હરેશ રાવલ અને સૌમ્યા મિશ્રા એ ભાગ લીધો હતો

ઓલ ઇંડિયા નિબંધ સ્પર્ધા 2018 માં અત્રે ની કોલેજના કુલ 04 વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો

સરકારી વિનયન કોલેજ , ગાંધીનગર દ્વારા આયોજિત રાજ્ય સ્તરીય નિબંધ સ્પર્ધા ' વિજય પદમ 2018-19 ' માં અત્રે ની કોલેજના બે વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો

સરકારી વાણિજય કોલેજ , ગુજરાત વાણિજય કોલેજ , અમદાવાદ દ્વારા આયોજિત સ્વામી વિવેકાનંદનું વ્યક્તિત્વ વિષય પર આયોજિત વકૃત્વ સ્પર્ધામાં અત્રેની કોલેજની વિદ્યાર્થીની જયા ઓઝા એ ભાગ લીધો હતો